પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૩ | ૪ ડિસેમ્બર, ૨૦૧૮, મંગળવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# લોકરક્ષક પેપર લીક કૌભાંડનો પર્દાફાશ

**ભાજપના બે કાર્યકરો સહિત ચારની ધરપકડ : ચાર આરોપીઓમાં ગાંધીનગર સે-૮ની એક મહિલા હોસ્ટેલ સંચાલક અને એક પીએસઆઈનો પણ સમાવેશ : મુખ્ય સૂત્રધાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન નો કરાર આધારિત કર્મચારી હોવાનું ખૂલ્યું : પોલીસની તપાસમાં મોટા માથાઓના નામ ખૂલે તેવી શક્યતા : ૧૦થી વધુ શકમંદોના ઈન્ટ્રોગેશન ચાલુ**

ગાંધીનગર, તા. ૩

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર લોકરક્ષક ભરતીના પેપર લીક પ્રકરણમાં ગાંધીનગર પોલીસે ગણતરીના કલાકોમાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ગત મોડી રાત્રે પોલીસ ભરતી બોર્ડના સભ્ય દ્વારા સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપવામાં આવી હતી. રાજયના પોલીસવડાની સૂચનાથી એટીએસ, અમદાવાદ ક્રાઈમ અને ગાંધીનગર પોલીસ સહિતની ટીમો પેપર લીક કૌભાંડના મૂળ સુધી પહોંચવા ગઈકાલની દોડતી થઈ ગઈ હતી દરમિયાન પોલીસે આજે વહેલી સવારે એક મહિલા તથા બે ભાજપના કાર્યકરો અને એક પીએસઆઈ સહિત ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. ચારેયના સઘન ઈન્ટ્રોગેશન દરમિયાન બહાર આવ્યું છે કે પેપર લીક કરીને આપનાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો કરાર આધારીત કર્મચારી છે. પોલીસે હાલ ચારેયની ધરપકડ કરીને ફરાર મુખ્ય સૂત્રધારની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે તો બીજી તરફ અન્ય દસ જેટલા શકમંદોની પણ ખાનગી રાહે ઈન્ટ્રોગેશન ચાલી રહી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. મહત્વની બાબત એ છે કે જો આ ગુનાની તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો અન્ય ઘણા મોટા માથાઓના નામ ખૂલે તેવી શક્યતાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર



## ચાર આરોપીઓની કરમકુંડળી..!!

ગાંધીનગર પોલીસે પેપર લીક કૌભાંડમાં એક પી.એસ.આઈ, એક મહિલા હોસ્ટેલ સંચાલક અને ભાજપના બે કાર્યકરોની ધરપકડ કરી છે. તેમાં પીએસઆઈ પી.વી.પટેલ ગાંધીનગર ડીએસપી ઓફિસમાં કામ કરે છે. તે વાયરલેસ પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. પહેલા તે પોલીસ ભવનમાં પણ નોકરી કરતો હતો અને પોલીસ ભરતી બોર્ડમાં પણ ફરજ નિભાવી ચૂક્યો છે. આ કેસમાં સંડોવણી ખુલતા તેને તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તે પોતાના બે સંબંધી ઉમેદવારો પાસ કરાવવા પેપર લીક કૌભાંડમાં જોડાયો હતો.

મુકેશ ચૌધરી વડગામ તાલુકા પંચાયતનો સભ્ય છે. આ કેસમાં બનાસકાંઠાના એડરણાના મુકેશ મૂળજી ચૌધરીની પણ ધરપકડ કરવામાં આવી છે. મુકેશ ચૌધરી ભાજપનો કાર્યકર છે. પેપરલીક કૌભાંડમાં નામ આવતાં ભાજપ દ્વારા મુકેશને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. મુકેશ આ પરિક્ષાનો ઉમેદવાર પણ હતો.

મનહર પટેલનું નામ ટાટની પરીક્ષાનું પેપરલીક કરવામાં પણ સંડોવાયું હતું. અરજણ વાવ ગામનો રહેવાસી મનહર રણછોડભાઈ પટેલ ભાજપમાંથી બાયડ નગરપાલિકા ચૂંટણી લડી ચૂક્યો છે. તેને ગાંધીનગરમાં ઉચ્ચ અધિકારીઓ-પદાધીકારીઓ સાથે ઘરોબો હોવાનું પણ કહેવામાં આવે છે. પેપરલીકમાં નામ ખુલતાં જ મનહર પટેલને પણ ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

રૂપલ શર્મા ગાંધીનગરમાં સે-૮ ખાતે પ્લોટ નં.૧૦૬૭ ખાતે કોંગ્રેસનાં ધારાસભ્યનાં મકાનમાં શ્રીરામ હોસ્ટેલ ચાલે છે તેની રેક્ટર છે. લોકરક્ષક દળની પરીક્ષામાં તે પણ ઉમેદવાર હતી અને તેણીએ પોતાના માટે આ પેપરના જવાબો લીધા હતા. તે ઉપરાંતને બે સંતાનો છે અને પોતે છૂટાછેડા લીધેલા છે. રૂપલના પિતા પી.એસ.આઈ હતા અને તેમનું અવસાન થઈ ચુક્યુ છે. રૂપલે તેની પાસે આવેલા આ પ્રશ્નના જવાબો તેજ પેપરના છે કે કેમ તેની ખરાઈ કરવા માટે પોલીસ ભવન ખાતે વાયરલેસ પીએસઆઈ તરીકે ફરજ બજાવતા તેણીના મિત્ર ભરત બોરાણાને વોટ્સએપ કર્યા હતા. જેને કારણે સમગ્ર ભાંડો ફૂટયો હતો. ભરત બોરાણા એ તાત્કાલિક આ જવાબ વાળી ચિઠ્ઠી પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયને મોકલી હતી. જેનાથી વિકાસ સહાયને ખબર પડી હતી કે તેમણે બનાવેલું પેપર લીક થઈ ચૂક્યું છે અને તેના જવાબો માર્કેટમાં ફરી રહ્યા છે. ત્યારબાદ પર પરીક્ષા રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય તેમણે લીધો હતો.

## પેપર ટ્રાન્સલેશન એજન્સી અને પ્રિન્ટિંગ પ્રેસ શંકાના દાયરામાં

ગાંધીનગર પોલીસે અલગ અલગ ટીમો બનાવીને પેપર લીક કરનાર તત્વાને પકડવા દોડધામ કરી ચાર આરોપીઓને પકડી પાડયા છે ત્યારે હજુ કેટલાય માથાઓના નામ બહાર આવે તેવી શક્યતાઓ છે. પકડાયેલા ચાર આરોપીઓએ કબૂલાત કરી છે કે તેમને પેપર લીક કરીને યશવંત નામના આરોપીએ પેપર આપ્યું હતું. યશવંત હજુ ફરાર છે તેના પકડાયા બાદ પેપર ક્યાંથી લિક કર્યુ કે સહિતની વિગતો બહાર આવે તેવી છે. બીજી તરફ લોકરક્ષકના પેપર તૈયાર કરીને ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં ૨૯ સ્ટ્રોંગ રૂમ બનાવીને તેમા પેપરો રાખવામાં આવ્યા હતા ત્યાંથી પેપર લીક થયા છે કે કેમ તેની તપાસ માટે પોલીસે તમામ સ્ટ્રોંગરૂમના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા પરંતુ સ્ટ્રોંગરૂમ માંથી પેપર લીક થયા ન હોવાનું સ્પષ્ટપણે ગાંધીનગર એસપી મયુર ચાવડા તપાસના અંતે જણાવ્યું છે. હવે આ પેપર લીક થવાની શક્યતા હોય તેવી જગ્યાઓ માત્ર બે જ રહી છે. એક જ્યાં પેપર પ્રિન્ટ થયા તે પ્રિન્ટીંગ પ્રેસ અને બીજું પેપર ટ્રાન્સલેશન એજન્સી...! પ્રિન્ટિંગ પ્રેસ અને ટ્રાન્સલેશન એજન્સી હાલ શંકાના દાયરામાં છે. તે બંને મામલે જરૂરી તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

## કહેવાતા મુખ્ય સૂત્રધાર યશપાલની કુંડળી પોલીસે કાઢી

ગાંધીનગર પોલીસે પેપર લીક થયા પ્રકરણમાં એક મહિલા અને એક પીએસઆઈ તથા બે ભાજપનાં કાર્યકરો સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે ત્યારે તેમના ઈન્ટ્રોગેશન વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા યશપાલ સોલંકીનું નામ બહાર આવ્યું છે. યશપાલનું નામ બહાર આવતાની સાથે જ ગાંધીનગર પોલીસે તેની કુંડળી બહાર કાઢી દીધી છે. યશપાલ હાલ ક્યાં ફરજ બજાવે છે? તે કોના-કોના સંપર્કમાં છે? તેના આકાઓ કોણ કોણ છે? તે કયા કયા મોબાઈલ વાપરે છે? તેનુ છેલ્લુ લોકેશન કયું છે અને તેનું ફેમિલી બેગ્રાઉન્ડ સહિત છેલ્લા એક મહિનામાં ક્યાં-ક્યાં ફર્યો અને છેલ્લે પરીક્ષાના એક દિવસ પહેલા દિલ્હીથી ફ્લાઈટમાં બરોડા આવ્યો તે સહીતની વિગતો એકત્રિત કરી દીધી છે. યશપાલ હાલ કયા જિલ્લામાં છે તે પણ પોલીસ દ્વારા ટ્રેસ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જે અંતર્ગત અલગ અલગ ટીમો બનાવીને તેને પકડી પાડવા પોલીસે કમર કસી છે.

## ન્યુઝ ટ્રેક

### શ્રીલંકામાં રાજકીય સંકટ

શ્રીલંકામાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી ચાલી રહેલું રાજકીય સંકટ વધુ ઘેરાયું છે. શ્રીલંકાની અપીલીય કોર્ટે મહિન્દ્રા રાજપક્ષે પર પ્રધાનમંત્રીની જેમ કાર્ય કરવા પર પ્રતિબંધ મૂકયો છે. વધુ સુનવણી આગામી ૧૨ અને ૧૩મી ડિસેમ્બરે નક્કી કરવામાં આવી છે.

### કેજરીવાલને રાહત

દિલ્હીની પટીયાલા હાઉસ કોર્ટે અરવિંદ કેજરીવાલ અને તેમના અન્ય છ સાથીઓને ૨૦૧૨ના એક કેસમાંથી મુકત કર્યા છે. ૨૦૧૨માં યુપીએ-સરકાર સમયે પીએમના ઘરની નજીક દેખાવો યોજવા બાબતે કેસ દાખલ થયો હતો.

### ભારતીય નૌસેનાની તાકાત વધશે

ભારતીય નૌસેનાના પ્રમુખ એડમિરલ સુનીલ લાંબાએ કહ્યું છે કે નૌસેના પોતાની ક્ષમતા વધારવા માટે ૫૬ જંગી જહાજો અને સબમરીનને દાખલ કરવાની યોજના બનાવી રહી છે. આ ઉપરાંત ત્રીજુ વિમાનવાહક જહાજ પણ ખરીદવામાં આવશે.

### ઓપેકમાંથી કતાર બહાર નીકળશે

કતાર પહેલી જાન્યુઆરીથી તેલ નિકાસ દેશોના સંગઠન ઓપેકમાંથી બહાર થઈ જશે. ઉર્જામંત્રી સાદ અલ કાબીએ આ અંગેની જાહેરાત કરી છે. કાબીએ કહ્યું છે કે આ રાજકીય નહીં પરંતુ ટેકનીકલ અને વ્યૂહાત્મક નિર્ણય છે.

### હિમાચલમાં બરફવર્ષાની આગાહી

હિમાચલ પ્રદેશમાં આગામી ૬ ડિસેમ્બરથી પુનઃ વરસાદ અને બરફવર્ષા થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે મોસમમાં બદલાવ આવી રહ્યો છે. આ વિસ્તારના મધ્ય અને ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં કેટલાક સ્થળોએ વરસાદ થઈ શકે છે.

## હિન્દુત્વ હિમાલય કરતા પણ ઉંચા અને દરિયા કરતા પણ ઉંડા છે : મોદી

**હિન્દુ જ્ઞાનના મુદ્દે મોદીનો રાહુલને જવાબ : વિદેશથી પરત ફરતા જ મોદી રાજસ્થાન ચુંટણી પ્રચારમાં પહોંચ્યા : મોદીને હિન્દુત્વનું જ્ઞાન છે કે કેમ તે મુદ્દા પર રાજસ્થાનના લોકો મત આપનાર છે : રાજસ્થાન કોંગ્રેસના જુઠ્ઠાણાને અને મૂર્ખતાના તર્કને નહીં સ્વીકારે : મોદી**

જોધપુર, તા.૩

રાજસ્થાન વિધાનસભાની



ચુંટણી પહેલા એક રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. હિન્દુ જ્ઞાન અંગે રાહુલ ગાંધીની ટિપ્પણીને લઈને મોદીએ વળતો જવાબ આપ્યો હતો. રાહુલ ગાંધીએ મોદીના હિન્દુત્વને લઈને જ્ઞાન અંગે હાલ પ્રશ્નો ઉઠાવ્યા હતા. રાહુલે કહ્યું હતું કે મોદી હિન્દુત્વની જડના સંદર્ભમાં કોઈ માહિતી ધરાવતા નથી. મોદી કેવા હિન્દુ છે આનો જવાબ આપતા આજે મોદીએ કહ્યું હતું કે હિન્દુત્વ હિમાલય કરતા પણ ઉંચા અને દરિયા કરતા પણ ઉંડા તરીકે છે. આને સમજવાની બાબત સરળ નથી. મોદીને હિન્દુત્વનું જ્ઞાન છે કે કેમ તે અંગે રાજસ્થાનના લોકો મત આપશે. આ વખતે પણ રાજસ્થાન કોંગ્રેસના જુઠ્ઠાણા તથા મુર્ખતાપૂર્વકના તર્કને સ્વીકાર કરનાર નથી. કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી જુઠ્ઠાણા ફેલાવનાર એક યુનિવર્સિટી બની ગઈ છે. જ્યાં પ્રવેશ કરતાની સાથે જ જુઠ્ઠાણા માટેની પીએચડીનો જન્મ શરૂ થઈ જાય છે. જે વ્યક્તિ વધારે જુઠ્ઠાણા ફેલાવે છે તેને મોટા પદ આપી દેવામાં આવે છે. રાહુલ ઉપર પરોક્ષ રીતે પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસના એક નેતા વિચારે છે કે જાતિ સમિકરણ ઉપર ધ્યાન આપીને મત મળી જાય છે. રાજનીતિમાં કંઈપણ કરવાની જરૂર રહેતી નથી. તેઓ વિચારે છે કે અહીં તો એક વખતે ભાજપ અને એક વખતે કોંગ્રેસને સત્તા મળે છે પરંતુ તેઓ ભુલી જાય છે કે આજ ધરતીએ ભૈરોસિંહ શેખાવતને બે બે વખત સરકાર બનાવવાની તક આપી હતી. રાહુલ ગાંધીએ હાલમાં કહ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

## કસ્ટમ ડ્યુટીના માળખામાં મોટા ફેરફારની ભારે હિલચાલ

**જીએસટીની જેમ મોટા સુધાર કરવા તૈયારી : દેશની વેપારી ગતિવિધિઓમાં વધારે તેજી લાવવાનો મુખ્ય હેતુ : દિલ્હી આવનાર ચીજોનું મૂલ્યાંકન ચેન્નાઈમાં કરાશે**

નવી દિલ્હી,તા. ૩

પરોક્ષ કરવેરા વ્યવસ્થામાં ધરખમ સુધારા કરવામાં આવ્યા દ મોદી સરકાર હવે કારોબારને સરળ બનાવવાના ઈરાદાથી જીએસટી જેવા જ વધુ એક મોટા સુધારાની દિશામાં આગળ વધી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે કસ્ટમ ડ્યુટીના માળખામાં મોટા ફેરફાર કરવાના મૂડમાં દેખાઈ રહી છે. વેપારી ગતિવિધિને વધુ તીવ્ર બનાવવાનો હેતુ આની પાછળ રહેલો છે. આ ફેરફારમાં ટેક્સ અધિકારીઓની સામે આમને સામને આવવાની સ્થિતિ ખતમ થઈ જશે. ચીજવસ્તુઓની પરિવહનની પ્રક્રિયા સરળ બનશે. ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ફેરફારથી ભ્રષ્ટાચાર અને લાંચ ઉપર અંકુશ મુકવાની સાથે સાથે ચીજવસ્તુઓની હેરાફેરી વધુ ઝડપથી થઈ શકશે. સેન્ટ્રલ બેન્ક ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમના ચેરમેન એસ.રમેશે એક વાતચીતમાં કહ્યું છે કે અમે હજુ સુધી જે કરી રહ્યા હતા તેમાંથી બિલકુલ અલગ પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવી રહી છે. અમે ફેસલેસ મૂલ્યાંકનના નવા ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ. એક મહિનામાં પાયલોટ આધાર ઉપર આની શરૂઆત કરવામાં આવનાર છે. આનો મુખ્ય ઈરાદો વર્લ્ડ બેંકના ઈઝ ઓફ ડુઈ બિઝનેસ યાદીમાં ૫૦માં સ્થાન ઉપર આવવાની દિશામાં પહેલ છે. સરહદ પાર વેપારના મામલામાં ભારત ૧૪૬માં સ્થાનથી આગળ વધીને હવે ૮૦માં સ્થાન પર પહોંચી ચુક્યું છે.

રમેશે કહ્યું હતું કે બોર્ડ આ વિષય ઉપર વિચાર શરૂ કરશે. આના માટે કાયદા કાનૂનમાં કોઈ ફેરફાર કરવાની જરૂર છે કે કેમ તે દિશામાં પણ પહેલ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે આદર્શ સ્થિતિ તો એ જ રહેશે કે જે ચીજવસ્તુઓ મુંબઈમાં બંદર ઉપર ઉતરે તે ચીજવસ્તુઓનું મૂલ્યાંકન ચેન્નાઈમાં પણ કરી શકાય. સાથે સાથે મૂલ્યાંકનની પ્રક્રિયા વધુ સરળ કરવામાં આવી રહી છે. જો ભારતમાં પણ નવી વ્યવસ્થા અમલી કરવામાં આવશે તો દિલ્હીમાં પહોંચનાર ચીજવસ્તુઓનું મૂલ્યાંકન ચેન્નાઈમાં થઈ શકશે. આના માટે વેપારીઓને ચેન્નાઈના કસ્ટમ અધિકારીઓની સામે આવવાની જરૂર પડશે નહીં.

## મુંબઈ અને દિલ્હી વચ્ચે હાઈ સ્પીડ ટ્રેન દોડાવાશે

**રૂ. ૧૮,૦૦૦ કરોડના પ્રસ્તાવને સરકારની મંજૂરી મળવાની અપેક્ષા**

મુંબઈ,તા.૩

મુંબઈ-દિલ્હી અને દિલ્હી-હાવડા જેવા સૌથી વ્યસ્ત કૉરિડોર પર ટ્રેનની સ્પીડને વધારવા માટે રૂ. ૧૮,૦૦૦ કરોડના પ્રોજેક્ટનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો, જેને ટૂંક સમયમાં સરકારની મંજૂર મળી શકે છે. આ પ્રસ્તાવ માટે કેબિનેટ નોટ તૈયાર કરાઈ છે. મંજૂરી મળ્યા બાદ આ બંને કૉરિડોર પર ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટ્રેન દોડી શકે તે માટે ટૅક્નિકલ ફેરફાર કરવામાં આવશે. સૌથી મુસીબતની બાબત એ છે કે રેલવે પ્રશાસન પાસે પૂરા રેલવે માળખાનો ફક્ત ૦.૩ ટકા ભાગ એવો છે જ્યાં ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડાવી શકાય, તેથી આ પ્રોજેકટ માટે રેલવે પ્રશાસન ખાસ્સા સમયથી યોજના બનાવી રહ્યું હતું.

દિલ્હી-મુંબઈ અને દિલ્હી-હાવડાનો માર્ગ એ ટ્રંક રૂટ છે, જેના પર સૌથી વધારે ટ્રાફિક રહે છે. આ માર્ગ પર અત્યારે મહત્તમ ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડી શકે છે. સૌથી મુશ્કેલી એ વાતની છે કે આ રેલ કૉરિડોરના અમુક ભાગમાં ટ્રેન મર્યાદિત સ્પીડથી દોડાવાય છે. રેલવેએ અગાઉ આ બંને માર્ગની ટ્રેનોની સ્પીડ વધારવા માટે યોજના બનાવી હતી.

**REQUIRED ACCOUNTANT**

Commerce Graduate with knowledge of Tally, GST, TDS

Contact

94265 34902

## શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત

શ્રીનગર,તા.૩

કાશ્મીરના પાટનગર શ્રીનગરમાં રાત્રિ સૌથી વધુ ઠંડી રહી. અહીયા તાપમાન માઈનસ ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરના તાપમાનમાં હજુ વધુ ઘટાડો થવાની અગાહી કરી છે. હવામાન વિભાગના એક અધિકારીએ કહ્યું છે કે, આકાશ ચોખ્ખું રહેવાના કારણે શ્રીનગરના તાપમાનમાં ભારે ઘટાડો નોધાયો છે અને ગત રાત્રિ(શનિવાર)એ અહીયા સિઝનની સૌથી વધુ ઠંડી પડી હતી.

આવનારા ત્રણ દિવસમાં તાપમાનનો પારો વધુ નીચો જઈ શકે છે. પહેલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ નીચે અને ગુલમર્ગનું માઈનસ ૩.૧ ડિગ્રી સેલ્સિયસ નીચે નોંધાયું છે. રાજ્યના લેહમાં સૌથી વધુ ઠંડી પડી અને અહીયા તાપમાન માઈનસ ૯.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

## હિંદ મહાસાગરમાં ભારત ચીનથી વધારે બળવાન છે : નેવી ચીફ

**થરથર કાંપશે ચીન-પાક : ભારતીય નૌકાદળમાં ૫૬ જંગી જહાજ, સબમરીન શામેલ કરાશે**

ન્યુ દિલ્હી,તા.૩

ભારતીય નૌસેનાના વડા એડમિરલ સુનીલ લાંબાએ નેવી દિવસના એક દિવસ પહેલા જણાવ્યું કે ભારતીય નૌસેના પાકિસ્તાન નેવીથી દરેક રીતે આગળ છે, અને હિંદ મહાસાગરમાં આપણે ચીનની સરખામણીમાં મજબૂત છીએ. એડમિરલ સુનીલ લાંબાએ જણાવ્યું કે ભારતીય નૌસેના પાકિસ્તાન નૌસેનાથી દરેક અર્થમાં આગળ છે. ચીનની સરખામણીમાં પણ હિંદ મહાસાગરમાં આપણે સુપીરિયર છીએ. વર્ષ ૨૦૫૦ સુધીમાં આપણે નૌસેના પણ સુપર પાવર બની જશે. ૨૦૫૦ સુધીમાં નૌસેના પાસે ૨૦૦ શિપ અને ૫૦૦ એરક્રાફ્ટ હશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, 'ભારતીય નૌસેના પોતાની દરિયાઈ વિસ્તારની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને આપણી શક્તિ સતત વધી રહી છે. આ વર્ષે જ આઈએનએસ અરિહંતે પોતાનું પ્રથમ પેટ્રોલિંગ પૂર્ણ કર્યું છે અને ભારતના પરમાણુ સબમરીનની શક્તિ વધી છે. આ સાથે તેમનું માનવું છે કે ૨૬/૧૧ના મુંબઈ હુમલા પછી અમે અમારી તૈયારીમાં મજબૂત કરી છે. રાડાર લગાવવામાં આવ્યા છે. ઈનપુટ મળતાની સાથે જે તેના આધારે ચેતવણીઓ જાહેર કરવામાં આવે છે. અમે પહેલા કરતા વધુ મજબૂત બન્યા છીએ. નેવીમાં મહિલાઓના નૌસૈનિક તરીકે સામેલ થવા પર એડમિરલ લાંબાએ જણાવ્યું કે મહિલાઓના નૌસેનામાં નૌસૈનિક તરીકે સામેલ કરવાને લઈને અમે એક અભ્યાસ કરી રહ્યા છીએ. તેના પછી આ અંગે નિર્ણય લેવામાં આવશે.

**શિક્ષકો જોઈએ છે**

ભાવનિર્માણ એજ્યુકેશન ટ્રસ્ટ, પેથાપુર સંચાલિત માઉન્ટ વિક્ટરી પ્રાથમિક શાળાને શિક્ષિકા બહેનો નીચે મુજબ જોઈએ છે.

(૧) B.Sc. ગણિત - વિજ્ઞાન : ધો. ૬ થી ૮ - ૧
(૨) B.A./B.Com. ૧ થી ૫ માટે - ૨
(૩) B.A. B.Ed. / B.Com. B.Ed. - ૧

સંપર્ક : મો. ૯૫૭૪૩૧૬૮૦૦ - આચાર્યશ્રી

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય